 ISSN: 2349-6002

જીવનના બહુઆયામી અર્થોને ફંફોસવા નીકળેલી નવલકથા 'પર્વ'

વિશાલ ઇટાળિયા,
પીએચ. ડી. શોધછાત્ર(યુજીસી નેટ-જે.આર.એફ.)
doi.org/10.64643/IJIRTV12I8-191156-459

પૂર્વપીઠિકા -**મહાભારત ભારતીય જ્ઞાનપરંપરાનો કેન્દ્રસ્થ ગ્રંથ છે, જે ઇતિહાસ, પુરાણ, ધર્મ, રાજનીતિ અને માનવમૂલ્યોના બહુસ્તરીય સંઘર્ષોને એકસાથે સંકલિત કરે છે. જ્યાં ધર્મ કોઈ સ્થિર સિદ્ધાંત તરીકે નહીં, પરંતુ પરિસ્થિતિસાપેક્ષ અને સંઘર્ષજન્ય તત્ત્વ તરીકે અવતરે છે; તેમ છતાં તેની પરંપરાગત વ્યાખ્યાઓમાં જોવા મળતું દેવત્વ, અવતારભાવના અને અધિદૈવિક અભિગમનું પ્રાધાન્ય માનવીય નિર્ણયશક્તિ અને ઐતિહાસિક સંભાવનાઓને ઝાંખી પાડે છે. આ પરંપરાગત વાચનને વિમર્શની દૃષ્ટિએ પડકારતી એસ. એલ. ભૈરપ્પાની ૧૯૭૯માં પ્રકાશિત નવલકથા 'પર્વ' મહાભારતના પુનર્વાચનનો એક મહત્વપૂર્ણ આધુનિક પ્રયાસ છે.**

'પર્વ' બહુપાર્શ્વીય અન્વીક્ષા :'પર્વ' કૃતિ અનુબંધે ખાસ નોંધવા જેવી વાત તો એ છે કે લેખકે ૨૦મી સદીની માનસિકતાથી મહાભારતને વ્યાખ્યાયિત કર્યું છે. વાર્તાને તેના પૌરાણિક તત્ત્વોમાંથી કાઢી નાખવામાં આવી છે અને સમગ્ર વિષય અને પાત્રોને ભારતમાં ૧૨મી સદી પૂર્વેના ઐતિહાસિક સમયમાં મૂકવામાં આવ્યાં છે. એ રીતે આ નવલકથા પરંપરાગત પુરાણકથાને દૈવી, અલૌકિક અને આસ્થાત્મક પરિપ્રેક્ષ્યમાંથી બહાર લાવીને માનવકેન્દ્રિત, ઇતિહાસવાદી અને તર્કપ્રધાન દૃષ્ટિએ રજૂ કરે છે. 'પર્વ'માં ભૈરપ્પા મહાભારતને 'ધર્મયુદ્ધ' તરીકે નહીં, પરંતુ માનવીય મહત્ત્વાકાંક્ષા, રાજકીય સ્પર્ધા, સામાજિક પરિવર્તન અને નૈતિક સંકટોની ગાથા તરીકે નિહાળે છે. 'પર્વ' માત્ર મહાભારતનું વાર્તાત્મક રૂપાંતર નથી, પરંતુ તે ભારતીય સંસ્કૃતિમાં મૂળભૂત માનવામાં આવતા ધર્મ, સત્તા, ઇતિહાસ અને માનવ સ્વભાવ અંગેનું ગહન તત્ત્વચિંતન છે.

આ કથા એક રીતે એટલે પણ ગ્રાહ્ય છે કે ડૉ. એસ.એલ. ભૈરપ્પાએ મહાભારતનાં તત્કાલીન અને સમકાલીન સ્થાનોનાં સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક વિગતોના સંશોધનમાં પાંચ વર્ષ ગાળીને જાણવા મળેલ વિગતો અનુસાર શક્ય પરિણામો તરફ પૌરાણિક કથાનો પ્રવાહ વાળ્યો છે. પાત્રોનાં વ્યક્તિગત બિંબો-પ્રતિબિંબોને આલેખતી આ કથાના સંસ્કૃત, 1029હિન્દી, મરાઠી, બંગાળી, તમિલ, તેલુગુ, મલયાલમ આદિ ભારતીય અને અંગ્રેજી, ચીની અને રશિયન એમ ત્રણ વિદેશી એમ ભિન્ન ભાષામાં અનુવાદ થયા છે. હિન્દી અનુવાદ બી. આર. નારાયણજીએ કર્યો છે. ૨૦૦૭માં કન્નડ કૃતિ 'પર્વ'ને દેરાજે એવોર્ડ મળ્યો હતો. ૨૦૨૧માં મૈસુરના રંગાયણમાં નવલકથાના આધારે એક નાટ્ય નાટક ભજવવામાં આવ્યું હતું.

 ISSN: 2349-6002

'પર્વ' શબ્દ આમ તો મહાભારતમાં અંક અથવા વિભાગ સૂચવે છે, પરંતુ ભૈરપ્પાની આ નવલકથામાં તેનો અર્થ માત્ર કથાત્મક વિભાગ પૂરતો સીમિત નથી. 'પર્વ' અહીં ઇતિહાસના વળાંક, માનવજીવનના નિર્ણાયક તબક્કા અને સામાજિક પરિવર્તનના સંક્રમણકાળનું પ્રતીક બને છે. નવલકથાનું શીર્ષક જ સૂચવે છે કે મહાભારત કોઈ એક ઘટના નહીં, પરંતુ અનેક માનવીય નિર્ણયોનું સમૂહ છે, જેના પરિણામે ઇતિહાસનું એક 'પર્વ' રચાય છે.

મહાભારત જેવી સર્વગ્રાહી કૃતિ જ્યારે આધુનિક લેખકના હાથમાં આવે છે, ત્યારે બે રસ્તા શક્ય હોય છે

એક—આસ્થાનું પુનઃસ્થાપન;

બીજો—વિચારનું પુનઃપરીક્ષણ.

'પર્વ' અભયપણે બીજા રસ્તે ચાલે છે.

આ સમગ્ર કૃતિને અલબત આ લેખને વધુ પામવા-સમજવા લેખકનું નિવેદન સહાયરૂપ નીવડી શકે તેમ છે : લેખક નિવેદનમાં જણાવે છે, "(સંશોધન વેળાએ) કુરુક્ષેત્રના પ્રદેશમાંના રસ્તાઓ પર ફરતી વખતે આ વિચાર મનમાં ઊઠ્યો કે સમગ્ર આર્ય જાતિની સમાન જ એમના સંપર્કમાં આવનારી અનાર્ય જાતિઓના જીવન અને સ્વભાવને ઇંગિત કરનારું આ યુદ્ધ હશે- આ વાત મારા લખાણમાં આવવી જોઈએ હું મહાભારતના પાત્રોની કથા નથી લખી રહ્યો. માનવીયઅનુભવના બહુવિધ આયામો, રૂપ, માનવસંબંધોના રૂપ અને આલોચના લખી રહ્યો છું, આ સમજ અંત સુધી મનમાં અકબંધ રહી. પ્રત્યેક નવું પાત્ર અને સંન્નિવેશ લખતી વેળાએ એનાં નવા નવા આયામ સૂઝવા લાગતા. 'પર્વ' લખવાના અનુભવોએ મારી અંદર નવા ભાવો જન્માવ્યા, મને નવજીવન બક્ષ્યું. પરંપરા જ આપણા અનેક વિશ્વાસોનો મૂળ આધાર છે. એ બધાનો પરિત્યાગ કરી જીવનના અંતથી અર્થાત્ મૃત્યુના અંતિમેથી જીવનને જોવામાં આવે તો નવું જ્ઞાન જન્મ લે છે."[૧]

ભારતદેશ વિવિધતામાં એકતાનો પરિચાયક છે. ભાષા,પરિધાન, રહેઠાણ, પાક આદિ વિવિધતા છતાં આચાર-વિચાર, સંસ્કૃતિ અભિન્ન છે. આ નવલકથા કન્નડ હોવા છતાં, અહીં જે ધારણાઓ અને આંતરદ્વંદ્વ પ્રગટીકરણ પામ્યા છે એ મૂળે ભારતીય છે. વ્યાપક ભૂમિકાએ જઈએ તો કહી શકાય કે આ કૃતિ ભૌગોલિક સંકુચિતતાને અતિક્રમી વિશ્વતોમુખી અર્થ પ્રગટાવતી હોઈ ભારતના અલબત વિશ્વના દરેક પ્રાન્ત સાથે એ સંલગ્ન છે. લેખક જણાવે છે તેમ, આ એક સાહિત્યિક કૃતિ છે; માનવીય અનુભવ છે. અને આ અનુભવોની વિવેચનાને મૂળ ઉપાદાન માની જીવનના બહુઆયામી અર્થોને ઢંઢોળવા નીકળી છે આ નવલકથા.

પર્વમાં વર્ણાશ્રમ વ્યવસ્થા, સ્ત્રીની સ્થિતિ, રાજ્યસત્તા અને યુદ્ધની રાજનીતિ પર તીવ્ર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. 'દેશાચાર, કુલાચારને અનુસરનારા જૂની વિચારસરણીના લોકો બળશાળી હોય છે' એવી શલ્યની માન્યતા થકી લેખકે આરંભમાં જ કૃતિનું કેન્દ્રસ્થ બીજ રોપી દીધું હોય એવું લાગે છે. કૃતિમાં આવનાર મહાસમરની પૂર્વે લેખકે કથાની સમાંતર હળવા પ્રવાહે ચૈતસિક સંઘર્ષ અકબંધ રાખ્યો છે તે છે કુળાચારના પ્રશ્નોની નિરંતર સાતત્યતા અને આર્ય-અનાર્યના આચાર-વિચારનાં વૈષમ્યો. લેખક મહાભારતના યુદ્ધને આર્યો અનાર્યોનું યુદ્ધ લેખાવે છે. જો કે આ કથા યુદ્ધની કથાને સીધું કે વર્ણનસભર સ્થાન આપતી નથી એટલે જ નવલકથા મહાયુદ્ધને આલેખતી હોવા છતાં હકીકતે તો માનવનાં ભીતરી પડળોને ઉઘાડતી અને આર્ય-અનાર્ય સંસ્કૃતિને ઉજાળતી એમ માનવીય પ્રકૃતિ અને માનવીય સંસ્કૃતિ ઉભયની કથા બની રહે છે. એટલે કોઈ

 ISSN: 2349-6002

આલોચનાત્મક અભિપ્રાયથી કૃતિ પાસે જવા કરતા લેખક નિવેદનમાં જણાવે છે તેમ આ બે દૃષ્ટિબિંદુથી કૃતિ પાસે જવું સર્વથા યોગ્ય રહેશે

૧.આર્ય જાતિ-અનાર્ય જાતિનાં જીવન, સ્વભાવો અને એમના વિગ્રહ :

આર્ય-આર્ય મતભેદ: ગૌરવર્ણ દેવગણના આર્યો આર્યાવર્તના ઘઉંવર્ણા આર્યોને તો આર્યાવર્તના આર્યો બ્રહ્માવર્તના આર્યોને પોતાના કુળાચારને યોગ્ય લેખી હીનભાવે જુએ છે. એમાંય કન્યાશુલ્કવિવાહ, કાનીનશિશુ*[1] અને રતિસ્વાતંત્ર્યને સંદર્ભે બ્રહ્માવર્ત રાજ્યો*[2]ની આર્યાવર્તી રાજ્યો*[3] સાથે કુળાચારને લઈને પ્રગટેલી વિષમતા વધુ વિકટ છે. ૨. નિયોગ-ક્ષેત્રજસંતતિ-રાજ્યાધિકારના કૌરવ-પાંડવોના પ્રશ્ન : કૌરવોનું એવું માનવું છે કે, નિયોગથી જન્મેલા ધર્મ, ભીમ આદિ પાંડવો એ માત્ર પૃથાપુત્રો જ છે, પાંડુપુત્રો નહીં. તેથી તેઓ કુરુવંશજ ન હોવાથી રાજ્યાધિકારને યોગ્ય નથી.

આર્યમાં અનાર્ય અને અનાર્યમાં આર્ય પ્રવિધિઓનું અનુસરણ અને આંતરવૈમનસ્ય:

૧. આર્યોમાં માત્ર બહુપત્નીત્વ અને અનાર્યમાં બહુપતિત્વ તેમજ બહુપત્નીત્વ બંને આવકાર્ય સામાન્યતઃ એવો શિષ્ટાચાર છે. એ રીતે જોતા દેવગણ, કામ્પિલ્યરાજ્ય અને પાંડવો આદિ આર્યો બહુપતિત્વ જેવી અનાર્યવિધિ અપનાવતા હોઈ તેમનું આચરણ કુળાચારની વિરુદ્ધ છે. તો નાગ જાતિના રાજા કૌરવ્ય અગ્નિવિવાહ અપનાવે અને અનાર્ય ગણાવાતો એકલવ્ય આર્ય રહેણીકરણીનું અનુસરણ કરે તે અનાર્યોનાં કુળાચારની વિરુદ્ધ છે. ૨. મથુરા, મદ્ર અને ખાંડવવનનાં આર્યોનો આભિરો, નાગ અને કુલિંદ આદિ અનાર્યજાતિઓ સાથેનો સત્તાસંપતિને લઈને મચેલો ઉપદ્રવ તેમના આંતરકલહના દ્યોતક છે.

આર્ય-આર્ય અને આર્ય-અનાર્ય ઉભયમાં આગંતુક અંશપ્રક્ષેપણ અંગેના સંતતિવિભાવ: 'સંતાન ક્ષેત્ર(માતા)ના કે બીજ(પિતા)ના?' આ પ્રશ્ને કથામાં સાતત્યપણું જાળવ્યું છે. પર્વતીય ગંધર્વ અનાર્ય અને અપ્સરા જાતિમાં આર્ય પુરુષથી જન્મેલા સંતાન ક્ષેત્ર(માત્ર માના જ)ના જ ગણાવાયાં છે. પણ મૂળ આર્યરૂપ ગણાતા દેવો(યમ-મારુત-ઇન્દ્ર) દ્વારા નિયોગથી જન્મેલ કુન્તીપુત્રો સંદર્ભે 'સંતાન ક્ષેત્રના કે બીજના ?'નો સંદિગ્ધ પ્રશ્ન ભીષ્મ જેવા ધર્મધુરંધરને અસમંજસમાં મૂકી દે છે. વર્ણવ્યવસ્થા પ્રમાણે જોઈએ તો બ્રાહ્મણ-નિમ્ન કોમ : બ્રાહ્મણ(પરાશર, ભારદ્વાજ, શરદ્વાન) અને હલકી કોમ(મછિયારણ, કુંભારણ, જંગલી સ્ત્રી)ની નારીથી જન્મેલા બાળકો બ્રાહ્મણના એટલે કે બીજના. ક્ષત્રિય સુત(વૈશ્ય): રાજાની સેવામાં રાણી સાથે આવેલ દાસીના રાજાના સંભોગથી થયેલ પુત્રો માત્ર દાસીના (જો કે આ કથામાં ધૃતરાષ્ટ્રે અપનાવ્યા એ અપવાદ છે) એટલે સંતાનો ક્ષેત્રના. ૩.વૈશ્ય : અક્ષતયોનિનો ક્ષાત્રનિયમ આવકાર્ય નહિ એવી ક્ષત્રિય પોષિત દેવલે, પાટલી અને અશ્વની આદિ સુતજાતિમાં આરોપિત રાજસંબંધ દ્વારા આગંતુક સંતાનનું ગૌરવ વધારવાની રીતિ જોવા મળે છે. વગેરે નવલકથામાં પ્રશ્નોરૂપે આવે છે.

૨. ચયનિત પાત્રસૃષ્ટિ મારફત કથાના પોતમાં વણાયેલ માનવીય અનુભવોની આલોચના : મહાભારતના

[1] કૌમાર્યાવસ્થામાં જન્મેલ સંતાન

[2] મદ્ર, ગાન્ધાર આદિ પશ્ચિમી દેશ

[3] કુરુ-પાંચાલ, કાશી હસ્તિનાપુર આદિ પૂર્વીય અને વિરાટ, મત્સ્ય, ચેદિ, વિદર્ભ આદિ દક્ષિણી દેશો

કેટલાંક ચયનિત પાત્રોને લઈને ઉપસેલી લેખકની કલ્પના નવલકથાના રૂપમાં અભિવ્યક્ત થતી વેળા બીજા જ રૂપમાં પ્રગટીકરણ પામી છે. અર્ધજીવન જીવી ચૂકેલાથી માંડીને મૃત્યુની આરે ઊભેલાં પાત્રોની વયયાદી જોઈએ તો ૧૨૦ના ભીષ્મ, ૧૧૦ના ઉગ્રસેન, ૧૦૮-૧૧૦ના વ્યાસ, ૮૪ના શલ્ય, ૮૦-૮૫ના દ્રોણ, ૮૧ વર્ષનાં કુન્તી, ૬૨ના બળરામ, ૬૫ના કર્ણ, ૫૫ના ધર્મ, ૫૩ વર્ષના ભીમ-દુર્યોધન, ૫૧-૫૨ના ધૃષ્ટદ્યુમ્ન, ૫૦-૫૧ના અર્જુન, કૃષ્ણ અને સાત્યકિ. આ વયયાદી એટલે પણ નોંધવી રહી કેમ કે લેખકે જે તે પાત્રનું વર્તન તે તે વયને અનુલક્ષીને નિરૂપ્યું છે. તો બીજી તરફ, આ પાત્રોના જીવનમાં ઘટેલ સુખ્યાત ઘટનાઓના બીજાં શક્યતમ અંતિમો પણ તે-તે પાત્રોનાં વયસહજ મનોમંથનો દ્વારા મૂળ મહાભારત સાથે ક્યાંક સંધાતા તો ક્યાંક ફંટાતા પ્રગટીકરણ પામ્યા છે. જે અમુક રીતે આપણા માનસમાં અકબંધ એવાં પૌરાણિક પાત્રોની છાપને ખંડિત કરે છે છતાં, ઔદાત્ય ભાવનું નિરસન અને અવેજીમાં વયધર્મ અનુસાર ભાવોનું આરોપણ વાચકને માનવજીવનના પડળોને ઢંઢોળવા પ્રતિબદ્ધ કરી એમના સંવિદ્માં વિશિષ્ટ ઉમેરણ કરે છે તે વાત નિઃશંક છે.

આ બે મહત્ત્વના આયામો પછી કૃતિની વિશિષ્ટ ઉપલબ્ધિ જો કોઈ ગણવી હોય તો તે છે નારીચેતના

મહાભારત જેવી મહાકૃતિમાં પણ સ્ત્રીની ઉપસ્થિતિ મુખ્યત્વે પુરુષસત્તાકીય નિર્ણયોનું અનુસરણ કરતી અથવા તેના પરિણામો ભોગવતી સત્તા તરીકે જ જોવા મળે છે. આ સંદર્ભમાં એસ. એલ. ભૈરપ્પાની પર્વ નવલકથા મહત્ત્વપૂર્ણ છે, કારણ કે તે સ્ત્રીને ન તો પરંપરાગત 'ત્યાગમૂર્તિ' તરીકે સ્વીકારે છે, ન તો આધુનિક અર્થમાં બળવાખોર નારીરૂપે પ્રતિષ્ઠિત કરે છે; પરંતુ સ્ત્રીને એક એવી સંરચનાત્મક સ્થિતિ તરીકે રજૂ કરે છે, જ્યાં નારીપીડા વ્યક્તિગત નહીં, પરંતુ વ્યવસ્થાગત છે. પર્વની નારીવાદી ચેતના પરંપરાગત નારીવાદની જેમ 'સ્ત્રી વિરુદ્ધ પુરુષ'નો પ્રશ્ન ઊભો કરતી નથી; તે 'વ્યવસ્થા વિરુદ્ધ માનવતા'નો પ્રશ્ન ઊભો કરે છે. ભૈરપ્પાની નવલકથા સ્ત્રીમુક્તિના સરળ નારા કરતાં વધુ ગહન પ્રશ્ન પૂછે છે કે જ્યારે ધર્મ, રાજ્ય અને યુદ્ધ પુરુષકેન્દ્રિત હોય, ત્યારે સ્ત્રી માટે ન્યાયનો અર્થ શું રહી જાય?

અતઃ પર્વમાં જોવા મળતી નારીવાદી વિચારધારા કોઈ આયાત કરાયેલ પશ્ચિમી વિચાર નથી, પરંતુ ભારતીય મહાકાવ્યપરંપરામાંથી જ ઉદ્ભવતી એક આંતરિક, સંવેદનશીલ અને સંરચનાત્મક નારીચેતના છે.

એક બાજુ, ષંઢ પતિને કારણે કામુક સ્ત્રી બનીને રહી જતી કુંતી અને માદ્રીનાં ચૈતસિક સંચલનો તો બીજી તરફ પતિના વ્યભિચારને કારણે દાસીપણાનો અનુભવ કરતી ગાંધારી અને કૃષ્ણા આદિ પાત્રોના મનોમંથનો નારીચેતનાનો વિચારપ્રેરક ચિતાર મૂકી જાય છે. એમાંય કુંતીના દ્રૌપદી સાથેના આ સંવાદ Feminism અને Eco-Feminismનો વિશિષ્ટ ઉઘાડ કરે છે :

"અમે જે વસ્તુ જીતી ચૂક્યા છીએ, એનો અમે જેમ ઇચ્છીએ તેમ તેનો ઉપયોગ કરી શકીએ, વહેંચી શકીએ, આ અધિકાર અમારો છે. તું નિરર્થક વિરોધ કરી પોતાનો આનંદ શા માટે ગુમાવે છો."[૨ii]

"દામ્પત્ય પ્રેમ મેળવવાની અને આપવાની શક્તિ સ્ત્રીમાં પુરુષ કરતાં પાંચ ગણી વધારે હોય છે. એક વાદળથી ક્યાંય ભૂમિ તૃપ્ત થાય છે? ઉપરથી પાણીની ભલે નદી વહી જાય, પૂર વહે. પણ અંદર નરમાશ નથી રહેતી. ધરતી પાછી બીજા વાદળની પ્રતીક્ષામાં, ગરમીની ઈર્ષ્યાના કારણે મુખ સંજોવી રાખે છે."[3iii]

 ISSN: 2349-6002

ઉપરાંત, પત્નીને 'સંપત્તિ' માનવાનો યુધિષ્ઠિરનો ખ્યાલ તો "...જીતવા છતાં 'હું ધર્મ વિરુદ્ધ મારી દીકરીનો ઉપયોગ નહિ કરવા દઉં', શું દૃઢતાપૂર્વક કહી શકવાની સ્થિતિ તમારામાં છે ?"[xiv] એવો દ્રોપદીનો પિતાને અપાયેલો ઉપાલંભ બંનેમાં પુરુષસત્તાક માનસ અને સ્ત્રીહૃદયની કરુણકથની વણાઈ જાય છે.

કૃતિનું સામગ્રિક પ્રબંધન પણ ધ્યાનાર્હ છે

સાહિત્યિક તકનીક તરીકે એકપાત્રી નાટકનો ઉપયોગ કરીને સમગ્ર કથા વર્ણવવામાં આવી છે. એ રીતે આ કૃતિનું પ્રબંધન કંઇક અલગ છે. કથા સ્રોતસ્વિનીને કાંઠે કાંઠે ચાલતાં ચાલતાં આપણે અલગ અલગ જગાએ અલગ અલગ માનસના વ્યક્તિઓને મળતા રહીએ છીએ. ૬૧૬ પૃષ્ઠ ધરાવતી આ બૃહદ્કાય નવલકથામાં વિધિવત્ વિભાગીકરણ નથી, છતાં એક પાત્રીય નાટ્યપ્રવિધિને કારણે બે મુખ્ય ભાગ અને ૧૪ પેટાવિભાગ સ્પષ્ટ તરી આવે છે. ભાગ ૧માં ૭ પેટાભાગ છે ૧) શલ્ય(મદ્ર), ૨) કુન્તી(હસ્તિનાપુર વિદુરગૃહ), ૩) ભીમ(હિડિંબવનના માર્ગે), ૪) કૃષ્ણા(ઉપપ્લાવ્ય) ૫) અર્જુન(દ્વારકાના માર્ગે), ૬) યુયુધાન(દ્વારકા), ૭) કર્ણ (હસ્તિનાપુર સુતવસ્તી મધ્યે કર્ણગૃહ) ભાગ ૨માં પણ ૭ પેટાભાગ છે

૧) શલ્ય(સૈન્યસહ મદ્રથી હસ્તિનાપુર તરફ),

૨) શલ્ય-વજ્ર-અજય અને ભીષ્મ(હસ્તિનાપુર નજીક કૌરવછાવણી),

૩) યુયુત્સુ (હસ્તિનાપુર નજીક કૌરવછાવણી),

૪) દ્રોણ(છાવણી તંબૂ),

૫) વ્યાસમુનિ(આશ્રમ),

૬) વિદુર-ધૃતરાષ્ટ્ર(હસ્તિનાપુર રાજભવન) દુર્યોધન(કૌરવ છાવણી નજીકનું સરોવર) શલ્ય કૃપાચાર્ય(કૌરવછાવણી), દુર્યોધન(સરોવર અને યુદ્ધમેદાન)

૭) હસ્તિનાપુર સભાભવન, વિદુરગૃહ, હિરણ્યવતી આદિ નાગનો અને હિડિંબાનો જંગલપ્રદેશ, દ્વારકા, કુરુક્ષેત્ર. અંતિમ ભાગ બહુધા ક્ષેત્રની ઓળઘોળ કથાથી જટિલવત્ બની ગયેલો લાગે છે.

સ્થળ-કાળ-કથનરીતિ અને પરિવેશ અડધી નવલકથા ગરમીના વાતાવરણમાં અને અડધી વર્ષાઋતુ અને શિયાળાના સંધિકાળથી લઈને ઠંડીના વાતાવરણમાં આલેખાઈ છે એમ ઉનાળા અને શિયાળા મધ્યેથી વર્ષાઋતુને અધ્યાહાર રાખી કથાનો સમય સાતથી આઠ માસનો રાખ્યો છે. ઉદ્યોગ પર્વથી મૌસલ પર્વ સુધીની કથાને સમાવતો કથાપ્રવાહ નિરંતર અતીત-વર્તમાનના બે ફાટાઓ વચ્ચે વહેતો રહે છે. વર્તમાનકાળમાં પ્રતિક્રિયા નિર્દેશવા અન્ય પુરુષ તેમજ ક્યાંક પ્રથમ પુરુષની સાથે સર્વજ્ઞ કથાનરીતિ અને ભૂતકાળમાં કેવળ પ્રથમ પુરુષ કથનરીતિ એમ કાળાનુસાર કથનરીતિ પ્રયોજી છે. કુન્તી માટે પર્વત-નદી, કર્ણ માટે દુ:સ્વપ્ન અને નદી, દ્રોણ માટે હવનગંધ, વિદુર માટે નદી એમ અતીતવિચરણ સ્રોત લેખકે મૂકી આપી કાળની સંધિ સાધવાનો પ્રયન્ત તો કર્યો છે પણ ક્યાંક સબળ પ્રબંધનના અભાવે ક્ષતિરૂપ પણ લાગે છે. તો હિમાલય અને તેના ઉત્તરીય વિસ્તારના મદ્ર, ગાન્ધાર આદિ રાજ્યોને પશ્ચિમી બ્રહ્માવર્તી રાજ્યો ગણાવી અને સિંધુ, ગંગા-યમુના આસપાસના પ્રદેશના કુરુ-પાંચાલ, કાશી હસ્તિનાપુર આદિ રાજ્યોને પૂર્વીય આર્યાવર્તી રાજ્યો ગણાવી વિગતદોષ વહોર્યો છે. એવી જ રીતે વિરાટ, મત્સ્ય, ચેદિ, વિદર્ભ આદિ રાજ્યોને દક્ષિણી દેશો દર્શાવીને ત્રુટિમૂલક ભૌગોલિક નિર્દેશ કર્યા છે.

 ISSN: 2349-6002

મદ્ર, હસ્તિનાપુર, હસ્તિનાપુર નજીકના પ્રદેશ અને સરોવર, હિડિંબવન, દ્વારકા, વ્યાસ મુનિ આશ્રમ, કુરુક્ષેત્ર મેદાન આદિ કથાસ્થળ તેમજ નાગ જાતિ, રાક્ષસ જાતિ આદિ આર્યેત્તર અને આર્ય લોકોના આવાસની પ્રદેશાનુસાર વિશેષતાઓ દર્શાવાઈ છે. એમ પ્રદેશગત પરિસર ઉપસાવવામાં લેખક કંઈક સફળ રહ્યા છે : પર્વતીય વિસ્તાર અને તળેટી વિસ્તાર વચ્ચે ધાબળા અને ધનધાન્યનો વેપાર, જંગલ પ્રદેશ અને સમુદ્ર માર્ગેથી સમથળ પ્રદેશ સાથેનો હાથીઓ, સુરા અને કામળાનો વ્યાપાર તેમજ કૃષિ, પશુપાલન, રથ-ગાડી-મકાન સમારકામ, લુહારીકામ, વણાટકામ આદિ વૈશ્ય જાતિવિશેષ વ્યાપાર આદિ જે-તે પ્રદેશની અભાવ-જરૂરિયાતના અને વિશિષ્ટતાના પરિચાયક બની રહે છે. તો નાગ લોકો અને જંગલવાસીઓની વૃક્ષ આશ્રયી વાંસની ઝૂંપડી અને ઘરવખરી, સુત કસબાના વાંસ-ઘાસથી બનેલાં અને ગેરુ માટીથી સોહતાં ઘર તેમજ પ્રાકૃતિક વાતાવરણ એક માહોલ રચી આપે છે.

પ્રાદેશિક સંસ્કૃતિને ઓપ આપવા લેખકે બારીક બાબતોનું પણ ધ્યાન રાખ્યું છે દેવગણમાં નાના-મોટા કામળાનો વસ્ત્ર તરીકે વિનિયોગ, ક્ષત્રિય સ્ત્રીઓને માથે પાલવ અને એડીને અડતી સાડી તો દાસીઓને ઉઘાડું માથું અને ઘૂંટણ સુધી અધોવસ્ત્ર, જંગલી સ્ત્રીઓને હાથ, પગ અને શરીર પર રંગલેપન અને માથે, ગળામાં અને હાથમાં રંગબેરંગી માળાઓ તો જંગલી પુરુષોને કમરે ઓટેલા ચામડાનું પડ, માથે રંગબેરંગી પીંછાનુ મુગટ અને બાકીનું સમગ્ર શરીર નવસ્ત્ર. રાક્ષસગણ, દેવગણ અને આર્યભાષા આમ એક જેવી પણ રાક્ષસભાષામાં બોલવાનો સ્વર બહુ ઊંચો એ રીતે ભાષિક પર્યાવરણની નોંધ લેખક કરાવતા રહે છે. ગરમીની ઋતુમાં વાંસની પટ્ટીઓનો તેમજ વર્ષા કે શરદઋતુમાં ઉગનાર લાંબા કાંસ નામક ઘાસનો તેમજ ખસખસના ટટ્ટુઓનો દીવાલમાં-છતમાં ઉપયોગ, શિયાળાની ઋતુમાં કૃષ્ણાજિન વગેરેનો ઉપયોગ તો ખાણીપીણીમાં દૂધ કે મધ મિશ્રિત સત્તુ, પૌવા, ખીર, માંસ, ચોખા-તાડનો સસ્ય સુરા અને સમુદ્ર પારનો વિશિષ્ટ મદિરા વગેરેનો સમાવેશ એમ આવાસ-વ્યવસાય-પરિધાન-ભાષા-પાક-રહેણીકરણીનાં ષષ્ટસંપુટ વૈશિષ્ટ્યથી પ્રતીતિજનક પરિસર બંધાયું છે.

મૂળ મહાભારત કરતાં કન્નડ ભાષાની આ નવલકથામાં જોવા મળતા ભેદો અને એ કારણે પારંપરિક-પૌરાણિક કથયિતવ્યને લઈને ઉપસતા કેટલાંક પ્રશ્નો

અત્ર પ્રસ્તુત યાદી એ માત્ર યાદી નથી પણ સર્જકના સઘન અભ્યાસના કારણે નીપસી આવેલ ફળશ્રુતિઓ છે. જાણે કે લેખકે તત્કાલીન પરિમાણો તપાસીને શક્ય પરિણામો તરફ કથાને વળોટીને સંનિષ્ઠ અભ્યાસીઓ માટે એ રીતે અનેકો દ્વાર ઉઘાડી આપ્યા છે. મહાભારતના મૂળ પાઠોમાં ધૃતરાષ્ટ્ર અને વિદુર વચ્ચેના ચોક્કસ વયઅંતરની સ્પષ્ટ માહિતી ઉપલબ્ધ નથી; તેમ છતાં જન્મક્રમ અને પાત્રભૂમિકાના આધારે વિદુર ધૃતરાષ્ટ્ર કરતાં કનિષ્ઠ હોવાનું નિશ્ચિત થાય છે. ‘પર્વ’ કૃતિમાં, લેખકે વ્યાસનો પ્રથમ સંભોગ અંબિકાની દાસી સાથે થયેલો દર્શાવી વિદુરને ધૃતરાષ્ટ્ર કરતા છ સાત દિવસના ગાળે અગાઉ જન્મેલા વડેરા વ્યક્તિ તરીકે મૂકી આપે છે. એવી જ એક બીજી જન્મકથા જે મૂળ મહાભારતથી અલગ પડતી હોય તો તે કર્ણજન્મની કથા. મહાભારત પ્રમાણે કર્ણ સૂર્યપુત્ર છે જ્યારે ‘પર્વ’ કૃતિ પ્રમાણે, કર્ણ દુર્વાસાના દેહી સંભોગથી તરુણ કુંતીમાં જન્મેલ સંતાન છે અને કુન્તીએ સ્વહસ્તે જ પોતાની સહેલી રાધાને બાળકર્ણની સોંપણી કરી છે. લેખક આ રીતે લોકમાનસમાં પ્રસ્થાપિત પાત્રશ્રદ્ધાની ચિંતા કર્યા

ISSN: 2349-6002

વગર પૌરાણિક કથાતત્ત્વને વિસંસ્કૃત કરી પોતાને લાધેલ એક તથ્યને કથારૂપ આપ્યું છે. તો વળી કથાપ્રવાહમાં પાંડુપુત્ર સોમરથનું પાત્ર ભળતા પાંડવ તરીકે કર્ણની જ્યેષ્ઠતા સંદર્ભે પ્રશ્ન પણ ઊભો થવા પામે છે. 'પર્વ'ની કથામાં મળતી ત્રીજી એવી જન્મકથા જો કોઈ હોય તો તે કૌરવોના જન્મ અને કૌરવોની સંખ્યાની કથા : મૂળ સ્રોત પ્રમાણે ગાંધારી સો પુત્રોની જનેતા છે. 'પર્વ'ના લેખક કુંડામાં ગર્ભરોપણની કથા ઓગાળી ગાંધારીની ૧૪ પુત્રોની માતા તરીકે જ રાખે છે અને બાકીના ધૃતરાષ્ટ્રપુત્રો દાસીઓ દ્વારા કહેવાતા-પ્રક્ષેપિત ધૃતરાષ્ટ્રપુત્રો છે. તો નવલકથામાં જ મળતા સંદર્ભ પ્રમાણે દાસીઓના ક્ષત્રિય દ્વારા જન્મેલ પુત્રોને ક્ષત્રિયત્વનું પદ મળી ન શકે તો આ સંદર્ભમાં ધૃતરાષ્ટ્ર પુત્રો ૧૪ કે ૧૦૦ ? એવો પ્રશ્ન કૃતિ પૂર્ણ થયા પછી પણ શેષ રહે છે. ચોથી જન્મકથા છે રોહિણીપુત્ર બળરામની. મહાભારત, હરિવંશ કે ભાગવતના મૂળ સંદર્ભને વળગી ન રહેતા લેખકે પોતાની કૃતિમાં બલરામને રોહિણીના ગર્ભથી જ લૌકિક રીતે જન્મ લેતા દર્શાવ્યા છે. એ જ રીતે જરાસંધની કથાને પણ લેખકે બુદ્ધિગ્રાહ્ય બનાવવાનો પ્રયત્ન કર્યો છે. તો સમયભેદની રીતે બર્બરિકનો જન્મસંકેત પણ ઉદ્યોગપર્વની કથા આસપાસ મળે છે.

ઉપર્યુક્ત જન્મકથાઓની માફક 'પર્વ' કૃતિમાં સાંપડતી મૃત્યુકથાઓ અલગ છતાં બુદ્ધિગ્રાહ્ય તો ક્યાંક અચરજ પમાડનારી પણ બની છે

૧.પાંડુનું મૃત્યુ : મહાભારતમાં ઋષિશાપથી મૃત્યુને ભેટતો પાંડુ આ કથામાં, પાંડુ દાસીઓ સાથેના અતિવિલાસથી મળેલ ષંઢત્વ રોગ અને ખાસ તો અશક્તિ છતાં પોતાનો જ પુત્ર મેળવવાની લાલસામાં માદ્રી સાથે અતિસંભોગથી મૃત્યુ પામે છે.

૨. ભીષ્મનું મૃત્યુ : ભીષ્મવધને અનુલક્ષીને મહાભારતમાં મળી આવતી અર્જુન અને શિખંડીની કથા સૌને ખ્યાત જ છે પણ અહીં લેખક મૂળ કથાથી થોડે છેટે ચાલી ભીષ્મના મૃત્યુનો દોર ભીષ્મના જ હાથમાં પકડાવે છે. જે કથામાં, ભીષ્મ કુરુક્ષેત્ર નજીકના સરોવરતટે પોતે જ બનાવેલ શરશય્યા પર શયન કરતા અલબત દિગંબરાવસ્થામાં નિરાહાર પ્રાણત્યાગ કરતા નિરૂપાયા છે. ૩.ઘટોત્કચ, દ્રોણ અને શિશુપાલ વધ : કથાપ્રવાહમાં ત્રણ અન્યાયી વધ નિરૂપાયા છે શિશુપાલવધ, ઘટોત્કચવધ અને દ્રોણવધ. સમગ્ર કથાને યથાશક્ય બૌદ્ધિક બનાવવા ઉદ્યત લેખકે ઘટોત્કચ જેવા દુર્ધર્ષ યોદ્ધાના સંહાર માટે પણ અમોઘ શક્તિને કથામાં સ્થાન ન આપી કર્ણની તલવાર દ્વારા ઘટોત્કચનો છળયુક્ત વધ કરાવ્યો છે. તો આ 'નરો વા કુંજરો વા'ની કથાને બાજુએ રાખી લેખકે સામાન્ય સૈનિકના બાણથી આહત-અર્ધમૃત દ્રોણનું મૃત્યુ ધૃષ્ટદ્યુમ્નના કૃપાણથી થતું આલેખ્યું છે. ત્રીજો અન્યાયયુક્ત વધ છે શ્રુતશ્રવાસુત શિશુપાલનો વધ. મહાભારતમાં શિશુપાલના સો અપરાધ પછી કૃષ્ણ દ્વારા થતો શિશુપાલવધ ન્યાયી હતો જ્યારે 'પર્વ'માં કૃષ્ણના ક્રોધને કારણે થતો શિશુપાલનો અન્યાયી વધ બળરામ સહિત વાચકોના મનમાં શિશુપાલ પ્રત્યે સહાનુભૂતિ જગવી જાય છે. ઉપરાંત આ કથામાં મળતી કૃષ્ણકથામાં કૃષ્ણ દ્વારા કાલીયનાગનું દમન નહિ પણ વધ થતો દર્શાવ્યો છે.

કથામાં મળતા વિશિષ્ટ ઉન્મેષો નોંધવા બેસીએ તો લાંબી યાદી બને પણ એ લાંબી યાદીમાં ન પડતા એ પૈકીનાં કેટલાક અગત્યના સર્જનાત્મક ફેરફારો જોઈએ તો ગંધવાહિની કાલીનો કથાવૃત્ત, ધૃતરાષ્ટ્ર વિવાહ, કુંતી

 ISSN: 2349-6002

અને માદ્રીનું લગ્નજીવન, દ્રૌપદીનાં બહુપતિત્વ લગ્ન, વત્સલાવિવાહનો સંદર્ભ, દ્રોણ દ્વારા એકલવ્યના અંગુઠાનું યાચનકર્મ, કર્ણની જાતિનો ખુલાસો, અભિમન્યુને મળેલ વ્યૂહજ્ઞાન તેમજ ગાંધારીના પટ્ટીબંધનનું રહસ્ય આદિ નોંધી શકાય. આ પ્રસંગોમા સર્જકકર્મથી આવેલી નૂતનતા ક્રમશઃ જોઈએ તો પરાશરસંગમ છતાં શેષ મત્સ્યગંધને કારણે ભીષ્મ દ્વારા કાલીને મત્સ્યગંધા નામ મળે છે. આ પછીની કથામાં, મત્સ્યગંધાને પોતાની ગંધ છૂપાવવા કરાયેલા દીર્ઘસુવાસી ચંદનના અતિલેપથી યોજનગંધા નામ તો શાંતનુ સાથે વિવાહ રચાતા સત્યવતી નામ મળે છે. આમ લેખકે ગુણ અનુસાર નામ ઉદ્ઘાટિત કરવાનો પ્રયત્ન કર્યો છે એટલું જ નહીં, મછિયારણ સત્યવતી પાછળ પગપેસારો કરી બેઠેલા પિતા દ્વારા અમુક સમય માટે થયેલ રાજ્યધુરાનું વહન અને હસ્તિનાપુરની પડતીની કથા પણ મૂકી આપી છે. ધૃતરાષ્ટ્ર વિવાહની કથામાં, વિવાહિત પાંડુના દીર્ઘ તાપસ કાર્યને કારણે નિરાધાર બનેલ રાજ્યના નિર્વહન અર્થે જ્યેષ્ઠ ધૃતરાષ્ટ્રના લગ્ન થતા દર્શાવ્યા છે. જેમાં એક તાળો એ પણ મળે છે કે મોટા ભાઈને અવિવાહિત સ્થિતિ છતાં પાંડુનાં પરણી જવાની ઘટનાનિરૂપણ દ્વારા લેખકે મહાભારતકાલીન પિતૃસતાક સંસ્કૃતિના ખ્યાલને વિસારે પાડી દીધો છે.

પાંડુની અપૌરુષેયતા અને પરિણામરૂપ કુંતી અને માદ્રીમાં પ્રગટેલી અદમ્ય કામુકતાની કથા એ બંને સ્ત્રીઓનાં બાહ્યાચારોને અનુલક્ષીને મનોવૈજ્ઞાનિક પરિપાટીએ તપાસવા જેવી છે. કુંતી સાથેના સદેહ સંભોગ કથામાં યમ, મારુત, ઇન્દ્ર અને અશ્વિનીકુમાર આદિ દેવોનું પાર્થિવીકીકરણ કર્યું છે. તો દ્રૌપદીવિવાહની કથામાં અભાનપણે નહીં પણ પાંચેય પુત્રોની એક જ સ્ત્રી પ્રત્યેની આસક્તિને લીધે કુન્તી દ્વારા દ્રોપદીની પાંચેય ભાઈઓમાં સોંપણી થઈ એવો કથાતંતુ લેખકે બાંધી આપ્યો છે.

બળરામ પુત્રી વત્સલાનો સંદર્ભ કેટલાંક વાક્યો દ્વારા હરિવંશમાં મળી જાય છે એ સંદર્ભને અલગ રીતે મૂકવા લેખકે અભિમન્યુને બદલે દુર્યોધન પુત્ર લક્ષ્મણ સાથે વિવાહ થયાનો સંદર્ભ માત્ર મૂકી ઘટોત્કચની સહાયતાનો પ્રસંગ ઉપસાવ્યો છે.

તો કથામાં મહાભારતના બે જાણીતા ગુરુના નિરૂપણ નવીન રીતે મળી આવે છે ગુરુદ્રોણની શ્રેષ્ઠ ગુરુછવિ અકબંધ રાખવા લેખકે ભીષ્મ આજ્ઞાથી એકલવ્યનો અંગૂઠો માગતા દર્શાવ્યા છે. તો ગુરુ પરશુરામને કર્ણની પ્રાયઃ શિક્ષાને લઈને વર્ણભેદના આગ્રહી તરીકે મૂકી ગુરુની એક બીજી જ છાપ મૂકી આપી છે. હસ્તિનાપુરમાં રાજકુમારોના અસ્ત્ર કૌશલ્ય પ્રસંગે કર્ણ દ્વારા નહિ પણ પિતા અધિરથના વર્તન દ્વારા બધાને કર્ણની જાતિની જાણ કરી છે તો અભિમન્યુને માતૃગર્ભમાં નહિ પણ વિરાટ નગરના ઉત્તરે આવેલ ઉપપ્લાવ્યમાં અર્જુન દ્વારા રેતચિત્ર દ્વારા ચક્રવ્યૂહ તંત્રનું જ્ઞાન મેળવતો આલેખ્યો છે. ખાસ તો મહાભારતના કેટલાંક સ્ત્રી પાત્રો પોતાના ઔદાર્યગુણને કારણે સમસ્ત આર્યાવર્તમાં આદર્શયુક્ત બન્યાં છે. એમાંનું એક પાત્ર ગાંધારી. 'પતિદ્વેષને કારણે આંખો પર પટ્ટી બાંધી હતી' એવા સત્યઅનાવરણ દ્વારા મહાભારતની મહાપતિવ્રતા ગાંધારી આ કૃતિમાં સામાન્ય સ્ત્રીની કોટિએ પહોંચવા પામી છે. કૃષ્ણ ગાન્ધારીની આંખો પરથી પટ્ટી હટાવે અને ગાન્ધારી સનેત્રે રાજભવનમાં વિચરણ કરે એવું લેખકનું રમ્ય-મૌલિક સર્જન જાણે કે વાચકોની પ્રચ્છન્ન ઈચ્છાનું શાબ્દિક રૂપ જેવું લાગે છે.

શાપ અને વરદાનની કથાઓ આપણને અમુક રીતે નવાઈ પમાડતી આવી છે. સામાન્ય માનવીઓ પોતાના

 ISSN: 2349-6002

તપોબળથી વર તો પોતાની ક્ષતિઓ વશ શાપ પામતા રહ્યા છે. લેખકે લગભગ એ દરેક શાપ અને વરદાનની વાતોને કૃતિમાં સ્થાન આપ્યા નથી. તો આકાશવાણી, દિવ્યદૃષ્ટિ, વિરાટસ્વરૂપ, ચીરપૂર્તિ પ્રસંગ આદિ દિવ્ય બનાવોનો લોપ કરી કથાને ભૂતલ સાથે જોડી રાખી છે. ભૈરપ્પા મહાભારતને ‘પવિત્ર કથા’ તરીકે નહીં, પરંતુ ‘માનવીય સંજોગોની અનિવાર્ય ગાથા’ તરીકે વાંચે છે. અહીં દેવતાઓ મૌન છે અને માનવી બોલે છે અને એ બોલવું ઘણી વાર અસહ્ય લાગે એવું સત્ય બોલે છે. ‘પર્વ’નું સૌંદર્ય તેની કથામાં નહીં, પરંતુ તેની દૃષ્ટિમાં છે. આ નવલકથા આપણને જાણે કે કહે છે: “જો મહાભારત સાચું હોય, તો તે દેવોના કારણે નહીં, પરંતુ માનવોના કારણે સાચું છે.”

એ રીતે નવલકથાના તમામ પાત્ર માનવસહજ સ્વભાવવાળા જ નિરૂપાયા છે. ગાન્ધારી, ભીષ્મ, દ્રોણ, કૃષ્ણા, કુન્તી, માદ્રી આદિ પાત્રો તો માનવીય સબળ-નિર્બળ પાસાંથી ખરડાયેલા સામાન્ય માનવ જ લાગે છે. અલબત્ કુન્તી, ભીમ, અર્જુન, કૃષ્ણા તેમજ સાત્યકિ, બળરામ, રુક્મિણી જેવા અન્ય કેટલાક પાત્ર પોતાનાથી વયસ્થ વ્યક્તિને તોછડા સંબોધનથી સંબોધતા જણાય છે ! તો ક્યાંક અપશિષ્ટ શબ્દો પ્રયોજતા પણ બતાવાયા છે છતાં ‘પર્વ’ની ભાષા સંયમિત, ગંભીર અને તર્કપ્રધાન છે. ભૈરપ્પા વાચકને ભાવુક કરતા નથી; તેઓ તેને વિચારવા પ્રવૃત્ત કરે છે. અહીં કાવ્યાત્મક ઉછાળો ઓછો છે અને વિચારની ધાર તીખી છે. આ શૈલી લોકપ્રિયતાની નહીં, પરંતુ દીર્ઘજીવિતાની ખાતરી આપે છે. અહીં વર્ણનાત્મક અલંકારિકતા કરતાં વિચારાત્મક સંવાદને વધુ મહત્વ આપવામાં આવ્યું છે. આ શૈલી નવલકથાને ‘પુરાણકથા’ નહીં, પરંતુ ‘વિચારકથા’ બનાવે છે.

વ્યક્તિનાં બિંબ-પ્રતિબિંબોને સારગ્રાહી ભાવે મૂકી આપતું કન્નડ ભાષાની મૂળ કૃતિનું મુખપૃષ્ઠ કૃતિના હાર્દને સીધું જ ઉઘાડી આપતું લાગે છે જ્યારે અનુદિત હિન્દી કૃતિનું કે. જી. પી.એ કરેલ ઉત્સવ વિષયક મુખપૃષ્ઠ પ્રાથમિક ધોરણે કૃતિના તત્ત્વગર્ભિત, ગંભીર અને તર્કસંગત હાર્દ સાથે વિસંગત જણાય છે. કેમ કે ‘પર્વ’ મહાભારતને દૈવીય ચમત્કારોથી અલિપ્ત કરી માનવ સંઘર્ષ, રાજકીય કાવાદાવા અને નૈતિક વિઘટનની ગાથા તરીકે રજૂ કરે છે, જ્યાં ઉત્સવ કે ઉજવણી માટે કોઈ ભાવાત્મક અવકાશ નથી. તેમ છતાં, પેરાટેક્સ્ચ્યુઅલ એનાલિસિસના પરિપ્રેક્ષ્યમાં જોવામાં આવે તો આ મુખપૃષ્ઠ પ્રતીકાત્મક અર્થવત્તા ધરાવે છે. આ કથા મહાભારતની છે છતાં ખ્યાત વર્તુળાકાર ચક્રને બદલે મુખપૃષ્ઠને એક ખૂણે સ્થાન પામેલ ચકરી*[4] સમાજની બહારથી દેખાતી ચમક અને અંદરથી વધતા વિનાશ વચ્ચેની વિડંબનાત્મક સ્થિતિને સંકેતિત કરે છે.

સમગ્ર ચિત્રપટની રંગપદ્ધતિમાં પણ ભૂખરો, કથ્થઈ, વાદળી-જાંબલી, સફેદ જેવાં શીત રંગોનું પ્રાધાન્ય છે તો શીર્ષક કેસરી રંગ જેવા ઉષ્ણ રંગથી ઉઠાવ પામ્યું છે. વધુમાં કહી શકાય કે આ શીત રંગોમાં કાળો રંગ મિશ્રિત છે જેથી રંગોનું મૂલ્ય ઘટવા પામ્યું છે. એક રીતે જોઈએ તો યુદ્ધ પૂર્વેના રાજસૂય, અશ્વમેધ આદિ યજ્ઞયાગ સામાજિક ઉલ્લાસ ચકરી જેવા ફટાકાની માફક ક્ષણિક સાબિત થયા અને તરત જ અંધકારના રંગમાં વિલીન થઈ ગયા. પૃષ્ઠ પરના આ રંગોના દ્રાવણમાં ક્યાંક તૂટક, ક્યાંક વિલય પામતી અસ્પષ્ટ માનવાકૃતિઓ પણ સૂચક

[4] એક જાતનો ફટાકડો

ISSN: 2349-6002

છે કે 'પર્વ'માં ધર્મ એ કોઈ દીવો નથી, જે અંધારું દૂર કરે; તે ઘણી વાર એવો પડદો છે, જે અંધારાને સ્વીકાર્ય બનાવે છે. આ રીતે, મુખપૃષ્ઠ કૃતિના હાર્દને ખંડિત કરતું નથી, પરંતુ તેની આંતરિક વિચારધારાને પ્રતીકાત્મક સ્તરે વિસ્તારે છે.

નિષ્કર્ષ

૧.ધર્મની પુનઃસંકલ્પના : પરંપરાગત ભારતીય વિચારધારામાં 'ધર્મ' એક શાશ્વત, અચલ અને દૈવી સંજ્ઞા તરીકે પ્રતિષ્ઠિત છે. 'પર્વ'માં, તેનાથી વિપરીત, ધર્મ એક સમયસાપેક્ષ, પરિસ્થિતિજન્ય અને સત્તા સાથે સંકળાયેલા માનવસર્જિત વિચારરૂપે ઉપસ્થિત થાય છે કે 'મહાભારતનું યુદ્ધ ધર્મસ્થાપનનું સાધન નહીં, પરંતુ ધર્મની નિષ્ફળતા અને અસંગતતાનું પરિણામ છે.' આ નિષ્કર્ષ ભારતીય મહાકાવ્ય પરંપરાને મૂળભૂત રીતે પ્રશ્નાર્થ બનાવે છે.

૨.સાહિત્યિક સત્ય : મહાભારત ભારતીય સંસ્કૃતિનું એવું મહાકથાત્મક દર્પણ છે, જેમાં દરેક યુગ પોતાનું પ્રતિબિંબ જોવાનો પ્રયત્ન કરે છે. એસ. એલ. ભૈરપ્પાની પર્વ એ એવો જ એક પ્રયત્ન છે પરંતુ આ પ્રયત્ન ભક્તિભાવથી નહીં, વિચારની અસ્વસ્થતા સાથે થાય છે. પર્વ વાચકને જવાબ આપી આશ્વસ્ત નથી કરતી; તે વાચકને પ્રશ્નોની કડાકૂટમાં મૂકે છે. અને કદાચ એ જ તેનું સૌથી મોટું સાહિત્યિક સત્ય છે.

૩. પુરાણથી ઇતિહાસ તરફ ગતિ અને બુદ્ધિગ્રાહ્ય રૂપ : લેખક પુરાણને ઇતિહાસસંભવ બનાવે છે અને વાચકને મહાકાવ્યને માનવીય પરિપ્રેક્ષ્યમાં વાંચવા પ્રેરે છે. એટલે કહી શકાય કે 'પર્વ' ભક્તિ પછી વાંચવાની કૃતિ છે અને કદાચ ભક્તિ પછી જ લખી શકાય એવી કૃતિ છે. તેથી તો તે આપણને મહાભારતથી દૂર નથી લઈ જતી; પરંતુ મહાભારતને વધુ નજીક, વધુ બુદ્ધિગ્રાહ્ય એવા માનવીય સ્તરે લાવીને મૂકે છે.

સંદર્ભ સૂચિ :

[i] 'पर्व' : એસ. એલ. ભૈરપ્પા, હિન્દી અનુ. બી. આર. નારાયણ, અમરસત્ય પ્રકાશન-દિલ્હી, તેરમી આવૃત્તિ-૨૦૨૪. પૃ.૭-૮

[ii] એજન પૃ. ૧૪૯

[iii] એજન પૃ. ૧૪૯

[iv] એજન પૃ. ૧૫૦

સંદર્ભ ગ્રંથ સૂચિ :

મહર્ષિ વેદવ્યાસ વિરચિત મહાભારત, સં. દિનકર જોષી, પ્રવીણ પબ્લિકેશન-રાજકોટ, પ્ર. આવૃત્તિ – ૨૦૦૯.

શ્રી હરિવંશ, વેદવ્યાસ, શ્રી હરિહર પુસ્તકાલય-સૂરત

श्रीमद्भागवतमहापुराणम, महर्षिवेदव्यास, द्वितीयः खंड, गीतप्रेस गोरखपुर, षष्ठ संस्करण

નોંધ – આધારસ્રોત કૃતિ મૂળે હિન્દી અનુદિત છે પણ સંપૂર્ણ લેખને યથાશક્ય ગુજરાતી ભાષારૂપમાં જાળવી રાખવા ખપમાં લીધેલ સંદર્ભોના ગુજરાતી અનુવાદ મારા દ્વારા કરવામાં આવેલ છે.